Extra No. 26

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]       MONDAY, JANUARY 12, 2026 / PAUSHA 22, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વી/૨૦૨૫નો ૩૯૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૭૩૮૩/એલ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Under***

**Gujarat Town Planning and Urban Development Act, 1976**

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડિસેમ્બર, ૨૦૨૫

**ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.**

**ક્રમાંક: જીએચ/વી/૨૦૨૫નો ૩૯૮/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૭૩૮૩/એલ:** ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, “સદરહુ અધિનિયમ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૨થી મળેલી સત્તાની રૂએ, રાજ્ય સરકારે, તા.૧૫મી માર્ચ, ૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૨૦૧૨નો ૨૪/યુડીએ/૧૧૨૦૧૧/૪૨૦૨/એલ.થી ગુજરાત ઈન્ટર-નેશનલ ફાઈનાન્સિયલ ટેક-સિટી (GIFT) શહેરી વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી, “સદરહુ સત્તામંડળ” તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રચના કરેલ છે;

અને ગુજરાત સરકારને, સદરહુ સત્તામંડળના તા.૧૭.૦૪.૨૦૨૫ના પત્રવ્યવહારથી, સદરહુ સત્તામંડળના સભ્ય તરીકે, ચીફ એક્ઝિક્યુટિવ ઓથોરિટી (મુખ્ય કારોબારી સત્તાધિકારી), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ-નો સમાવેશ કરવા માટેની દરખાસ્ત મળેલ છે;

અને ગુજરાત સરકારને, સદરહુ સત્તામંડળના સભ્ય તરીકે, ચીફ એક્ઝિક્યુટિવ ઓથોરિટી (મુખ્ય કારોબારી સત્તાધિકારી), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ-નો સમાવેશ કરવા માટે સદરહુ સત્તામંડળની રચનામાં સુધારો કરવાનું જરૂરી જણાયું છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૨૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ઈન્ટર-નેશનલ ફાઈનાન્સિયલ ટેક-સિટી (GIFT) શહેરી વિકાસ સત્તામંડળના સભ્ય તરીકે ચીફ એક્ઝિક્યુટિવ ઓથોરિટી (મુખ્ય કારોબારી સત્તાધિકારી), ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ-નો સમાવેશ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રકાશ દત્તા,**

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.29 16:02:37 IST